**પી.આઈ. હેલ્થકેર સેન્ટર, રાજકોટને લિયોટ્રિપ્સીની સારવાર માટે ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, 1988 હેઠળ માન્યતા આપવા બાબત.**

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : એમ. એજી/1093/508/894-અ

સચિવાલય, ગાંધીનગર તા. 22-3-1994

**વંચાણે લીધો :-** કમિશ્નર આરોગ્ય સેવા (તબીબી વિભાગ) ગાંધીનગરનો તા. 30-12-93 નો પત્ર ક્રમાંક : ફ-7 તસા/લિયોટ્રિપ્સી/પીઆઈહેલ્થકેર/દરખાસ્ત/93.

**ઠરાવ :-** પી.આઈ. હેલ્થકેર સેન્ટર રાજકોટ ખાતે પથરીના રોગના નિદાન તથા પથરીને ઓપરેશન સિવાય લિયોટ્રિપ્સી પદ્ધતિની આધુનક સવલત ઉપલબ્ધ થયેલ છે. સદરહું હોસ્પિટલ સંપુર્ણ વિકસિત અને અદ્યતન છે. આથી રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ રાજ્ય સેવા તથા તેમના કુટુંબીજનો લિયોટ્રિપ્સી પદ્ધતિથી પથરીના રોગની સારવાર મળી રહે તે હેતુથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નીયમો 1988 હેઠળ સદરહું હોસ્પિટલને માન્યતા આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબત માટે કાળજી પૂર્વકની વિચારણાને અંતે પી. આઈ. હેલ્થકેર સેન્ટર, રાજકોટને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 હેઠળ લિયોટ્રિપ્સીની પદ્ધતિથી લીધેલ પથરીના રોગને સારવાર માટે સરકારી કર્મચારીઓ/પેન્શનરો તથા તેમના કુટુંબીજનોને રિએમ્બર્સમેન્ટ હેતુ માટે માન્યતા આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે. સદરહું હોસ્પિટલમાં લીધેલ લિથોટ્રિપ્સીની સારવાર અંગેનું ખર્ચ ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લેવામાં આવતાં ફીના દરે રિએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 10-2-94 ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુરાજતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપસચિવ,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

• • • •